RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૫૦૧તા.૨૨–૧૨–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અબ્દુલગની અબ્દુલઅઝીઝ ટેલર
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અબ્દુલગની અબ્દુલઅઝીઝ ટેલરની તા. ૧૮–૧૦–૧૧ની અરજીથી વોર્ડ નં.૨/૨૬૩૩/અ/૨ વાળી મિલકતમાં તા. ૨૩–૦૯–૧૧ના રોજ મકાન માલિકે પ્રોજેકશન દુર કરેલ છે એવી લેખિત અરજી આપેલ તેની ઝેરોક્ષ નકલ આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૨–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૫૦૧/૨૦૧૧–૧૨

શ્રી અબ્દુલગની અબ્દુલઅઝીઝ ટેલરની તા. ૧૮–૧૦–૧૧ની અરજીથી વોર્ડ નં.૨/૨૬૩૩/અ/૨વાળી મિલકતમાં તા. ૨૩–૦૯–૧૧ના રોજ મકાન માલિકે પ્રોજેકશન દુર કરેલ છે એવી લેખિત અરજી આપેલ તેની ઝેરોક્ષ નકલ આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૨–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગત સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૭૫ તા.૩–૧–૧૨ થી** ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારનેમુળ અરજીથી માંગેલ માહિતી,ફી ભર્યાની વિગત, પક્ષકાર જાહેર માહિતી અધિકારી તથા મળેલ પ્રત્યુત્તર સાથે નારાજગીની વિગતો આધાર સહ રજૂ કરવા તથા વધુમાં અરજદારની ખોટી માહિતીના દાવા અંગે દફતરી હકીકતપણ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કે અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. પરંતુ જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને આપેલ માહિતી પત્રની નકલ મળેલ છે.

અરજદારની તા.૧૮–૧૦–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૧૫૨૩ તા.૧૭–૧૧–૧૧ થી નિયત સમય અવધિના બીજા દિવસે સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ સંલગ્ન રેકર્ડ ચકાસતાં માંગ્યા મુજબની નકલ નંગના–૧ પ્રતિ નકલના રૂા.૨/– લેખે કુલ રૂા.૨/– સેન્ટ્રલઝોન કચેરીએ જમા કર્યેથી મળી શકશે. તેવું સુચિત કરતો પત્ર પાઠવેલ. જે અંગે અરજદારને સદર મિલ્કતના માલિક સફીયા બીબીની તા.૨૩–૯–૧૧ ની કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનને કરેલ અરજીની નકલ અરજદારને પૂરી પાડવામાં આવેલ છે જે અરજદારે અપીલ અરજી સાથે રજૂ કરેલ છે. જે અંગે અરજદારે તા.૨૨–૧૨–૧૧ ના રોજ લગભગ એક સપ્તાહના વિલંબથી અપીલ અરજી કરેલ છે. જે અંગે આરટીઆઈ એકટની કલમ ૧૯(૧) હેઠળ મુળ અરજીથી માંગેલ માહિતી દિન–૩૦ની અવધિમાં ન મળે અથવા મળે તો તે અંગેની નારાજગીના કિસ્સામાં પ્રથમ અપીલની જોગવાઈ હોઈ તે મુજબ અપીલનું કારણ ઉત્પન થયે જ અપીલ કરવામાં આવે છે. તે સિવાય વિલંબિત અપીલ ગ્રાહય રાખવાનું અપીલ અધિકારીની વિવેકબુધ્ધિને આધિન ગુણદોષ પર નિર્ભર છે. અરજદારે વિલંબિત અપીલ અંગે આરટીઆઈ કાયદાની કલમ–૧૯(૧) હેઠળ વિલંબના કોઈ કારણ કે વ્યાજબીપણુ રજુ કરેલ નથી. તેથી પ્રથમ દર્શીય રીતે અપીલ ગ્રાહય રાખી શકાય નહીં તેમ છતાં કાયદાના હાર્દ અને ભાવના તથા આમુખથી ચરીતાર્થ થયેલ જોગવાઈને અનુલક્ષી અપીલ ગ્રાહય રાખવામાં આવેલ છે. વધુમાં અરજદારે કે અરજદાર તરફથી અપીલ સાથે મુળ અરજી અંગેની માંગેલ માહિતીની વિગતો રજૂ કરવામાં આવેલ નથી તેમજ ફી ભર્યાની વિગત પણ રજુ કરવામાં

આવેલ નથી. અપીલ તબકકે સદર વિગતો તેમજ અપીલના વિલંબિત અંગેના વાજબીપણા અંગે પણ રજૂ કરવા જણાવેલ તે પણ અરજદાર તરફથી રજૂ કરવામાં આવેલ નથી. જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી રજૂ કરેલ છે પરંતુતેની સાથે મુળ અરજી રજૂ કરેલ ન હોય આપેલ માહિતીમાં પ્રશ્નમાં જણાવેલ માંગેલ વિગતના આધારે અપીલનો નિકાલ કરવામાં આવેલ છે. જેમાં અરજદારે તા.૨૩–૯–૧૧ ની માલીકે કરેલ લેખિત અરજીની નકલ માંગેલ જે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે. વધુમાં અરજદારે અપીલમાં બાંધકામ દુર કરવા બાબતે કરેલ ફરીયાદ તકરાર નિવારણને લગતી હોય તે અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવાની રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૮–૧૦–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામા આવેલ છે. અરજદારે અપીલમાં બાંધકામ દુર કરવા બાબતે કરેલ ફરીયાદ તકરાર નિવારણને લગતી હોય અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૨

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી અબ્દુલગની અબ્દુલઅઝીઝ ટેલર